# જયારે આકાશ પડ્યું

હેરિયટ ચિત્ર:એમિલી ગુજરાતી: મમતા



એક દિવસ કૂકડી ફરવા
નીકળી. એક ઝાડ ઉપરથી
બી પડ્યું.

બી સીધું કૂકડીનાં માથાં ઉપર પડ્યું.

“અરે બાપ રે”, કૂકડીએ રાડ નાખી.
“લાગે છે કે આકાશ પડી રહ્યું છે.
મારે રાજાને જઈને તરત આ વાત
કેહવી પડશે.”



રસ્તામાં તેને કૂકડો મળ્યો.

કૂકડો પૂછે "તું ક્યાં જઈ રહી છે?"

કૂકડી કહે "હું રાજાને કહેવા જાઉં છું કે આકાશ પડી રહ્યું છે."

કૂકડો કહે "હું પણ તારી
જોડે આવું છું."



રસ્તામાં તેમને બતક મળ્યું .
“તમે ક્યાં જઈ રહ્યા છો?” બતકે પૂછ્યું.

અમે રાજાને કહેવા જઈ રહ્યા છીએ કે
આકાશ પડી રહ્યું છે.” તેઓ કહે.



બતક કહે, "હું પણ તમારી જોડે
આવીશ."



રસ્તામાં તેમને હંસ મળ્યું .

“તમે ક્યાં જઈ રહ્યા છો?” હંસે પૂછ્યું.

“અમે રાજાને કહેવા જઈ રહ્યા છીએ કે આકાશ પડી રહ્યું છે.” તેઓ કહે.

હંસ કહે, “હું પણ તમારી
જોડે આવીશ.”



રસ્તામાં તેમને લાલ કલગીવાળું બતક મળ્યું .

"તમે ક્યાં જઈ રહ્યા છો?" લાલ કલગીવાળા બતકે પૂછ્યું.

"અમે રાજાને કહેવા જઈ રહ્યા છીએ કે આકાશ પડી રહ્યું છે." તેઓ કહે.

લાલ કલગીવાળું બતક કહે, "હું પણ તમારી જોડે આવીશ."

પછી તેમને એક શિયાળ મળ્યું.
"તમે ક્યાં જઈ રહ્યા છો?"
શિયાળે પૂછ્યું.

શિયાળ કહે, "તમે ખોટે રસ્તે જઈ રહ્યા છો.
ચાલો હું તમને સાચો રસ્તો બતાવું."

"અમે રાજાને કહેવા જઈ રહ્યા છીએ કે
આકાશ પડી રહ્યું છે." તેઓ કહે.

બધાં શિયાળની પાછળ
પાછળ ચાલવા લાગ્યા.

શિયાળ જમીનમાં એક બખોલ પાસે
જઈ ઊભું રહ્યું.

“આ સુરંગ તમને સીધી રાજાની પાસે
લઇ જશે.” શિયાળ કહે.

સુરંગમાં પહેલાં શિયાળ ઘૂસ્યું.
તેની પાછળ ગયું લાલ કલગીવાળું બતક.

તેની પાછળ હંસ ગયું.

હંસની પાછળ પાછળ બતક ગયું.



સહુથી છેલ્લે કૂકડો ગયો.
કૂકડીએ કૂકડાની ચીસ સાંભળી.
“ભાગ કૂકડી, અહિયાંથી ભાગ!”

# કૂકડેકૂક




કૂકડી ભાગી. એવી ભાગી.
જીવ બચાવીને તે ભાગી. તેનું
નસીબ સારું હતું.



દોડતા દોડતા તે પોતાને ઘેર પહોંચી.
અને આકાશ પડવાની વાત તેણે
રાજાને કદીએ ન કહી.